सत्यमेव जयते

દાખલ તારીખ :– ૧૧ – ૦૭ – ૨૦૧૯
નોંધણી તારીખ :– ૧૧ – ૦૭ – ૨૦૧૯
ફેંસલ તારીખ :– ૨૮ – ૦૧ – ૨૦૨૫
સમય ગાળો :–<u>વર્ષ – માસ– દિવસ</u>
૦૫ – ૦૬ – ૧૭

# મે. ગાંધીધામનાં પ્રિસાઈડીંગ ઓફીસર, (એમ.એસ.સોલંકી), લેબર કોર્ટ (જે.ડી.), ગાંધીધામ, જી. કચ્છ.

**રેફરન્સ (ટી) કેસ નં.૯૮/૨૦૧૯**
**આંક :–**

નંગરામ સલીમ અલી,
રહે. પીર કોલોની, ખારી રોહર,
તા. ગાંધીધામ, જી. કચ્છ. ..... **<u>અરજદાર</u>**

<u>વિરૂધ્ધ</u>

(૧) શ્રીરામ ફોમ (ફ્રેન્ડઝ સોલ્ટ વર્કસ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝનાં કોન્ટ્રાકટર)
રહે. પ્લોટ નં.બી–૩૫૫, સપના નગર,
મું. તા.ગાંધીધામ, જી.કચ્છ.

(૨) ફ્રેન્ડઝ સોલ્ટ વર્કસ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ,
મારફત મેનેજરશ્રી,
ઠે. મૈત્રી ભવન, પ્લોટ નં.૧૮,
સેકટર–૮, મું.તા.અંજાર, જી.કચ્છ. ..... **<u>સામાવાળાઓ</u>**

**<u>બાબત</u> :– <u>ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ,૧૯૪૭ ની કલમ–૧૦(૧)(સી) અન્વયે ન્યાય–નિર્ણય કરવા બાબત .....</u>**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી.એસ.ડી.રાઠોડ.**
**સામાવાળા તર્ફે વિ.વ.શ્રી.એમ.આર.શર્મા.**

# –:: એવોર્ડ ::–

**(૧)** હાલનાં કામે મદદનીશ શ્રમ આયુકત, ગાંધીધામનાં તા.૧૮/૦૬/૨૦૧૯ નાં હુકમ ક્રમાંક કે.એચ/એસ/એચ.એમ.સી/કે.યુ.ટી./૨૦૫/૨૦૧૯, તા.૨૯/૦૬/૨૦૧૯ નાં પત્રથી અત્રેની અદાલતને સુપ્રત કરેલ છે. રેફરન્સની અનુસુચી નીચે મુજબ છે.

''નંગરામ સલીમ અલીનાંઓને પડેલા દિવસોનાં પગાર સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપીત કરવા જોઈએ કે કેમ ?

**(૨)** ત્યારબાદ હાલનાં કામે સદર રેફરન્સ દાખલ થતાં પક્ષકારોને કાઢવામાં આવેલ નોટીસ પક્ષકારોને ધોરણસર બજી ગયેલ હોવા અંગેની પોષ્ટલ એકનોલેજમેન્ટ રેકર્ડમાં સામેલ છે. ત્યારબાદ અરજદાર તર્ફે વિ.વ.શ્રી.એસ.ડી.રાઠોડનું વકીલાતપત્ર રજુ થયેલ છે. તેમજ આંક –૦૬ થી અરજદાર તર્ફે માંગણા નિવેદન રજુ થયેલ છે. જેની ટુંકમાં હકીકત એ છે કે, અરજદાર સામાવાળા નં.ર ની સુચનાથી સામાવાળા નં.ર નાં સંકુલમાં આ કામના સામાવાળા નં .૧ પાસે તા.૦૫/૦૨/૨૦૧૨ નાં રોજથી માસીક રૂા.૭,૯૩૦/– ના પગાર ધોરણથી હેલ્પર તરીકે કાયમી પ્રકારની કામગીરી કરતા કામદાર તરીકે સામાવાળા નં.ર ને ત્યાં સેટ–અપ માહેની કાયમી અને ખાલી જગ્યા ઉપર એકધારી અને સળંગ નોકરી કાયમી ધોરણે કરી રહયા હતા.છેલ્લે નોકરીમાંથી છુટ્ટા કર્યા ત્યારે અરજદાર સામાવાળા નં.ર ની સુચના અનુસાર હેલ્પર તરીકે ફરજ બજાવતા હતા. આ કામનાં સામાવાળાએ અમો અરજદારનાં કોઈપણ પ્રકારનાં વાંક, ગુન્હા કે કસુર વિના કોઈ પણ કાયદેસરની કાર્યવાહી કર્યા સીવાય તદૃન મનસ્વી અને એકતરફી રીતે તા.૦૬/૦૩/૨૦૧૯ નાં રોજ મૌખીક હુકમથી છુટ્ટા કરી દીધેલ છે. સરકારી નિયમો અને કાયદાઓથી બચવા સામવાાળા નં.ર અરજદારને દર માસે મળવાપાત્ર પગારની સ્લીપ આપતા ન હતા કે હાજરી કાર્ડ પણ આપતા ન હતા. અમો અરજદારને પ્રોવિડન્ટ ફંડનાં સભ્ય પણ બનાવેલા ન હતા.દરમાસે મળવાપાત્ર પગારમાંથી અમો અરજદારની નિયમોનુસાર પી.એફ.ની રકમ કાપવામાં આવતી ન હતી. જેના કારણે એકધારી અને સળંગ નોકરી હોવા છતાં અમો અરજદાર પાસે કોઈ દસ્તાવેજી આધાર ના રહે અને અમો અરજદાર નોકરીમાં કાયમી થવાની માંગણી ના કરી શકીએ. હાલનાં કામનાં સામવાળા નં.ર એ અમો અરજદારને એવું સમજાવેલ કે, તમો સામાવાળા નં.૧ નાં કામદાર છો. પરંતુ અમો અરજદાર સાથેનાં તમામ વ્યવહાર સામાવાળા નં.ર કરતા હતા.અમો અરજદારને નોકરીમાં

થી છુટ્ટા કરતા પહેલાં કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતરની રકમ ચુકવેલી નથી કે ઓફર પણ કરેલી નથી. અરજદારને નોકરીમાંથી છુટ્ટા કરેલ ત્યારે કોઈ સીનીયોરીટી લીસ્ટ બનાવેલું ન હતુ કે નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરેલ ન હતું. અમો અરજદારને નોકરીમાંથી છુટ્ટા કરેલ ત્યારે અમો અરજદારની સાથે કામ કરતા અને અરજદારથી પાછળ નોકરીમાં દાખલ થયેલા અન્ય જુનીયર કામદારો સામાવાળા નં.૨ ને ત્યાં કામ ઉપર ચાલુ હતા અને આજ પણ કામ ઉપર ચાલુ છે. અમો અરજદારે નોકરીમાં દાખલ થવાની તારીખથી છુટ્ટા કર્યા તારીખ સુધીમાં નોકરીનાં દરેકે દરેક વર્ષમાં ૨૪૦દિવસ કરતા વધારે સમય સુધી એકધારી અને સળંગ નોકરી કરેલી છે. આમ, છતાં સામાવાળા નં.૧ તથા નં.૨ નાંએ નોકરીમાં કાયમી કરવાના બદલે મૌખીક હુકમથી નોકરીમાંથી ગેરકાયદેસર છુટ્ટા કરી દીધેલા છે. અમો અરજદારે ફરીથી નોકરી મેળવવા અનેક જગ્યાએ પ્રયત્નો કરવા છતાં કયાંય નોકરી મળતી નથી. નોકરીમાંથી છુટ્ટા કર્યા બાદ અમો અરજદાર સતત બેકાર છીએ. આથી અરજદારને તા.૦૬/૦૩/૨૦૧૯ નાં રોજ છુટ્ટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવી, અમો અરજદારને છુટ્ટા કર્યા તા.૦૬/૦૩/૨૦૧૯ થી નામદાર કોર્ટનો હુકમ થાય ત્યાં સુધીના સમયનાં પડેલા રોજનાં પુરેપુરા પગાર સાથે પગાર વધારાનાં તેમજ નોકરી પરત્વેનાં તમામ આનુસાંગીક લાભો સાથે સળંગ અને પુર્વવત નોકરીથી જે તે જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપીત કરે તે મુજબનો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે. વધુમાં આ રેફરન્સ ખર્ચના રૂા.૧૦,૦૦૦/– સામાવાળા પાસેથી અપાવવા વિનંતી કરેલ છે.

(૩) ત્યારબાદ હાલનાં કામે સામાવાળા સંસ્થા નં.૨ તર્ફે વિ.વ.શ્રી. એમ.આર.શર્માનાંઓનું વકીલાતપત્ર રજુ થયેલ છે. તેમજ આંક–૦૮ થી જવાબ રજુ થયેલ છે અને અરજદારનાં માંગણા નિવેદનની હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરી, વધુમાં જણાવેલ છે કે, હાલનાં અરજદાર અમો સામાવાળા નં.૨ ના કામદાર ન હતા.હાલના અરજદાર સામાવાળા નં.૧ કોન્ટ્રાકટરના કામદાર હતા.હાલના અરજદાર ઔધૌગીક વિવાદ ધારા,૧૯૪૭ ની કલમ–૨ (એસ) મુજબ અમો સામાવાળા નં.૨ ના કામદાર ન હોય અને અરજદાર તથા અમો સામાવાળાનં.૨ વચ્ચે કામદાર–માલીકના સંબંધો સ્થાપિત થતા ન હોય, અરજદારની અરજી રદૃ થવા પાત્ર છે. અરજદારે અમો સામાવાળા સંસ્થામાં નોકરીના દરેક વર્ષોમાં ૨૪૦ દિવસ નોકરી કરેલ હોવા અં ગેની હકીકત અરજદારે સબળ પુરાવાથી પુરવાર કરવી જોઈએ. અરજદારે માંગણ નિવેદનમાં જણાવેલ હકીકતો પુરાવા રજુ કરી પુરવાર કરેલ ન હોય અરજદારનો હાલનો રેફરન્સ ખર્ચ સહીત

રદૃ ફરમાવવા વિનંતી છે.

**(૪)** ત્યારબાદ હાલના કામે સામાવાળા નં.૧ તર્ફે હાજર રહી જવાબ રજુ ન થતાં અરજદારની આંક–૦૯ ની અરજી અન્વયે હુકમ કરી, સામાવાળાનં.૧ નો હાલનાં કામે જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

ત્યારબાદ હાલનાં કામે અરજદારને પુરતી તથા યોગ્ય તક અને સમય આપવા છતાં અરજદાર તર્ફે હાલના કામે પુરાવો રજુ ન થતાં, સામાવાળા સંસ્થા નં.ર ની આંક–૧૦ ની અરજી અન્વયે હુકમ કરી, હાલનાં કામે અરજદારનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૫)** હાલનાં કામે સમગ્ર કેસનું રેકર્ડ, દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતાં કેસનાં ન્યાયીક નિર્ણય માટે નીચેના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

## –:: <u>મુદૃાઓ</u> ::–

(1) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓને સામાવાળા સંસ્થા દ્રારા ગેરકાયદેસર રીતે છુટૃા કરવામાં આવેલ છે ?

(2) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ પડેલા દિવસોનાં પગાર સાથે, નોકરી પરત્વેનાં તમામ આનુસાંગીક લાભો સાથે પુન:સ્થાપીત થવા હકકદાર થાય છે ?

(3) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

(1) નકારમાં.

(2) નકારમાં.

(3) આખરી હુકમ મુજબ.

## –:: <u>કા ર ણો</u> ::–

**(૭) <u>મુદૃા નં.૧ થી નં.ર</u>** ::– મુદૃા નં.૧ તથા નં.ર ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદૃા નં.૧ તથા નં.ર ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

**(૭.૧)** હાલનાં કામે અરજદારનાં કેસની હકીકત ઘ્યાને લેતાં તેઓ સામવાાળા નં.ર ની સુચનાથી સામાવાળા નં.ર નાં સંકુલમાં આ કામનાં સામવાાળા નં.૧ પાસે તા. ૦૫/૦ર/ર૦૧ર નાં રોજથી માસીક રૂા.૭,૯૩૦/– નાં પગાર ધોરણથી હેલ્પર તરીકે કાયમી

પ્રકારની કામગીરી કરતા કામદાર તરીકે સામાવાળા નં.ર ને ત્યાં સેટ–અપ માહેની કાયમી અને ખાલી જગ્યા ઉપર એકધારી અને સળંગ નોકરી કાયમી ધોરણે કરી રહયા હતા. છેલ્લે નોકરીમાંથી છુટ્ટા કર્યા ત્યારે અરજદાર સામાવાળા નં.ર ની સુચના અનુસાર હેલ્પર તરીકે ફરજ બજાવતા હતા.આ કામનાં સામાવાળાએ અમો અરજદારનાં કોઈપણ પ્રકારનાં વાંક, ગુન્હા કે કસુર વિના કોઈ પણ કાયદેસરની કાર્યવાહી કર્યા સીવાય તદૃન મનસ્વી અને એકતરફી રીતે તા.૦૬/૦૩/૨૦૧૯ નાં રોજ મૌખીક હુકમથી છુટ્ટા કરી દીધેલ છે. સદર હકીકત અન્વયે અરજદાર તર્ફે માત્ર માંગણા નિવેદન રજુ કરેલ છે. પરંતુ સદર માંગણા નિવેદનમાં જણાવેલ આ હકીકત પુરવાર કરવા સારું કોઈ પણ પ્રકારનો પુરાવા રજુ કરેલ નથી. આ સંજોગોમાં અરજદાર તેમના માંગણા નિવેદનની હકીકતો પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી અરજદારે માંગણા નિવેદનમાં માંગેલ દાદ મેળવવા હકકદાર નહીં હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૭.૨)** હાલનાં તબકકે ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ–૧૦૧ તથા કલમ–૧૦૨ વંચાણે લેવી જરૂરી છે :–

- **<u>કલમ–૧૦૧ સાબીતીનો બોજો</u>** :–

  જે કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીનો અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિષે કોઈ બીજું ન્યાયાલય ફેંસલો આપે, તે તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનું અસ્તિત્વ સાબીત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબીતીનો બોજો તે વ્યકિત ઉપર છે, એમ કહેવાય.

- **<u>કલમ–૧૦૨ સાબીતીનો બોજો કોના ઉપર રહે</u>** :–

  કોઈ દાવા કે કાર્યવાહીમાં સાબીતીનો બોજો તે વ્યકિત પર રહે છે કે જે કોઈ પણ પક્ષે કશો જ પુરાવો આપવામાં ન આવે તો નિષ્ફળ જશે.

ઉપરોકત કલમની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો જે વ્યકિતએ પોતાની તરફેણમાં અદાલત દ્રારા કોઈ અધિકાર મેળવવા ચૂકાદો આપે, તો તે વ્યકિતએ પોતાની હકીકત સાબીત કરવી પડે તેમાં સામાપક્ષની નબળાઈ મદદરૂપ થઈ શકે નહીં. સદર કામે અરજદાર ઉપર એ હકીકત પુરવાર કરવાની જવાબદારી રહેલી છે અને જયાં સુધી અરજદાર સબળ પુરાવાથી પોતાનો કેસ સાબીત ના કરે ત્યાં સુધી આ સાબીતીનો બોજો વાદી ઉપર રહે છે. એક

બાબત સ્પષ્ટ છે કે હાલાનાં કામે અરજદારે માત્ર માંગણા નિવેદન રજુ કરેલ છે. પરંતુ માંગણા નિવેદનમાં જણાવેલ હકીકતો પુરવાર કરવા કોઈ પણ પ્રકારનાં પુરાવા રજુ કરેલ નથી. વધુમાં અરજદારનાં માંગણા નિવેદનની હકીકતોનો સામાવાળા સંસ્થાએ જવાબ રજુ કરી ઈન્કાર કરેલ છે. આ તબકકે ***નામદાર સુપ્રિમ કોર્ટનાં શીવ ચરનસીગ વિ. ચંદ્રભાન સીગ એ.આઈ.આર. ૧૯૮૮ સુપ્રિમ કોર્ટ ૬૩૭)*** નાં ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, વાદીએ તેમનો કેસ તેમના સબળ પુરાવાનાં આધારે સાબીત કરવાનો રહે છે નહીં કે પ્રતિવાદીની નબળાઈઓ ઉપર આધાર રાખીને નહીં. વધુમાં દાવામાં શરૂઆતથી જ સાબીતીનો બોજો વાદી ઉપર રહે છે અને વાદીનાં આ સાબીતીનાં બોજાને પ્રતીવાદીએ પુરાવો આપેલ ના હોય તે હકીકત માત્રથી તે પ્રતિવાદી ઉપર સાબીતીનો બોજો આપોઆપ શીફ્ટ થતો નથી. પરંતુ જે બાબત વાદીએ પુરાવાથી સાબીત કરવી જોઈએ એ સાબીત થયેથી સાબીતીનો બોજો પ્રતીવાદી ઉપર શીફ્ટ થાય છે.

**(૭.૩)** વધુમાં હાલનાં અરજદારને છુટ્ટા કર્યા તે અગાઉનાં ૧૨ અંગ્રેજી માસમાં ૨૪૦ દિવસ કામ કરેલ હોવા બાબતે પુરાવો આપવાનો બોજો અરજદાર ઉપર છે. પરંતુ હાલનાં કામે સદર હકીકત અન્વયે અરજદાર તર્ફે માત્ર માંગણા નિવેદન રજુ કરેલ છે. પરંતુ સદર માંગણા નિવેદનમાં જણાવેલ આ હકીકત પુરવાર કરવા સારું કોઈ પણ પ્રકારનો પુરાવા રજુ કરેલ નથી. આ સંજોગોમાં અરજદાર તેમના માંગણા નિવેદનની હકીકતો પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૮)** આમ, ઉપરોકત ચર્ચાનાં અંતે અરજદાર સિવિલ પ્રોસીઝર કોડ,૧૯૦૮ નાં ઓર્ડર–૦૯ રૂલ–૦૩ ની જોગવાઈઓ, ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ઉપરોકત કલમોની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટનાં ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો ધ્યાને લઈ, હાલનાં કામે અરજદાર તર્ફે માંગણા નિવેદન હકીકતો પુરવાર કરવા કોઈપણ પ્રકારનો પુરાવો રજુ કરેલ ન હોય, અરજદારનો હાલનો રેફરન્સ કેસની હકીકતો પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૧ તથા નં.૨ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૩ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આથી અરજદારનો હાલનો રેફરન્સ **નામંજુર** કરવામાં આવે છે.

(૨) ખર્ચ સંબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) સદર રેફરન્સ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો.

હુકમ આજરોજ તારીખ ૨૮મી માહે જાન્યુઆરી સને ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કરવામાં આવે છે.

તારીખ :- ૨૮/૦૧/૨૦૨૫
સ્થળ :- ગાંધીધામ.

**(મનોજભાઈ શાંતિલાલ સોલંકી)**
પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી, લેબર કોર્ટ,
(જે.ડી.), ગાંધીધામ, જી. કચ્છ.

***JUDGE CODE : GJ01300***

*સ્ટેનો: ટી.એન.વોરા.*